કિસ્મતની ધનલક્ષ્મી-કુબેર પોટલી દિવાળીમાં જાતે બનાવીને ધનવાન બનો

શાસ્ત્રોમાં લક્ષ્મીજીને ચંચળ કહેવામાં આવે છે. એટલે કે ધનની દેવી ક્યાંય ટકતી નથી.

પૌરાણિક અને તંત્રશાસ્ત્રોમાં ધનની દેવીને સ્થિર રાખવા માટે અનેક પ્રયત્ન, પ્રયાસ અને અનુષ્ઠાન બતાવ્યાં છે. પરંતુ આ અનુષ્ઠાન અને પ્રયાસ અત્યંત કઠિન અને ખર્ચાળ હોય છે... જેને આજના વ્યસ્ત સમયમાં સામાન્ય (આમ) વ્યક્તિ માટે કરવું લગભગ અસંભવ જેવું છે. પરંતુ પૌરાણિક અને તંત્રશાસ્ત્રોમાં ધનની દેવીને પોતાનાં ઘર અને કાર્યાલયમાં સ્થિર રાખવા માટે કેટલાક સરળ ઉપાય અને સામગ્રી પણ બતાવવામાં આવી છે.

આ દુર્લભ સામગ્રીને આપણે કિસ્મતની પોટલી બનાવીને ધનની દેવી-લક્ષ્મીને પોતાના ઘર અને પ્રતિષ્ઠાનમાં કેવી રીતે બાંધીને સ્થિર કરી શકીએ? આ કિસ્મતની પોટલીને ચમત્કારિક વસ્તુઓને એકસાથે ભેગી કરીને બનાવવામાં આવે છે.. જે દેવી મહાલક્ષ્મીજીને અતિપ્રિય હોય છે. જો દેવી મહાલક્ષ્મીજીનું પૂજન- આ દિવ્ય સામગ્રીઓ સાથે તથા તેનો ઉપયોગ કરીને શાસ્ત્ર-સંમત વિધિથી કરવામાં આવે તો જીવનની બધી જ અભીષ્ટ અભિલાષાઓ પૂર્ણ થાય છે.

કોળી

આ કિસ્મતની પોટલીમાં પહેલા સ્થાનમાં છે. કુદરતી પીળી કોળીને લક્ષ્મી કોડી અથવા કુબેર કોડી પણ કહેવામાં આવે છે.

કોડી


આ કોડીને જૂના જમાનામાં લોકો તેનો ધનના સ્વરૂપમાં ઉપયોગ કરતાં હતાં. કાળી કોડીમાં લક્ષ્મીજીનું સ્વરૂપ માનવામાં આવે છે. તે અતિ દુર્લભ છે.

ગોમતી-ચક્ર

ગોમતી ચક્ર ઓછી કિંમતવાળો એક એવો પથ્થર છે જે ગોમતી નદીમાં મળે છે. જુદાં જુદાં તાંત્રિક કાર્યો તથા અસાધ્ય રોગોમાં તેનો ઉપયોગ થાય છે. તેને લક્ષ્મી માતાની સ્થિરતા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. તે માતાને અત્યંત પ્રિય છે, કારણકે તેને વિષ્ણુ-ચક્ર પણ કહેવાય છે.

કાળી હળદર

પોટલીમાં તેનું વિશેષ મહત્ત્વ છે. રવિ-પુષ્ય કે ગુરુ-પુષ્યના શુભ યોગમાં કાળી હળદરને પ્રાપ્ત કરીને તેની ષોડશોપચાર પૂજા કર્યા બાદ તેને વિધિવત્ સિદ્ધ કરીને લાલ રેશમી વસ્ત્રમાં ચાંદી કે સોનાની મુદ્રા સાથે વીંટીને પોતાની તિજોરીમાં



આ પોટલી ઘર કે વ્યાપારમાં ધન અને સમૃદ્ધિ મેળવવા માટે ધનતેરસ કે દિવાળીના શુભ મુહૂર્તમાં બનાવી શકો છો અને નવા વર્ષે ખૂબ પૈસાવાળા બની શકો છો



જડીબુટ્ટી

નજુમી

મહાલક્ષ્મીની પોટલી કેવી રીતે બનાવવી?

આ પોટલીને તમારે દિવાળીના દિવસે વૃષભ લગ્ન દરમિયાન પ્રદોષ કાળમાં જ બનાવવાની છે. શ્રીગણેશ અને શ્રી મહાલક્ષ્મીનાં આહ્વાન બાદ ષોડષોપચાર પૂજન પછી તમારે એક લાલ કપડાંને લેવાનું છે અથવા કોઈ પોટલી બજારમાં પહેલેથી ખરીદી લેવી. લક્ષ્મીજીને વિશેષ પ્રિય છે- રેશમી લાલ વસ્ત્ર- જેમાં બધી જ સામગ્રી બાંધીને આ અદ્ભુત પોટલી બનાવવામાં આવે છે. પોટલીની સામે એક પાનનું પાદડું રાખવું. પાંદડા પર 3 વાર ગંગાજળ છાંટવું. પછી થોડુંક લાલ ચંદન અર્પણ કરવું. ત્યાર બાદ સૌથી પહેલાં એક ચાંદીનો સિક્કો લેવો અને તેને નાડા છડીથી બાંધી લો. પછી ક્રમશઃ 2 સોપારી, 2 પીળી હળદરની ગાંઠ, 2 કાળી હળદર, 11 ગોમતી ચક્ર, 7 પીળી કોળી, 5 સફેદ કોડી, 5 નાગકેશર, 5 કમળગટ્ટા, 5 કાળી કોડી તથા 21 આખા ચોખા (જે બિલકુલ તૂટેલા ના હોવા જોઈએ) પછી કમળગટ્ટાની માળાથી 1 માળા નીચેના મંત્રનો જપ કરવોઃ-

ઓમ શ્રીં મહાલક્ષ્મૈ ચ વિદ્મહે વિષ્ણુ પત્ન્યૈ ચ ધીમહિ તન્નો લક્ષ્મી પ્રચોદયાત્ ઓમ

મંત્રજાપ બાદ આ પોટલીને બાંધી દો તથા માથા પર લગાડીને માતા લક્ષ્મીજીનાં ચરણોમાં અર્પણ કરી દો. આ પોટલીને શુભ મુહૂર્તમાં ઘરના પૂજાસ્થાનમાં અથવા ઉત્તર-પૂર્વ દિશા અથવા લક્ષ્મીજીની દિશા ઉત્તર-પશ્ચિમમાં રાખવી અતિ શુભ ફળદાયક હોય છે. તેને ઘરમાં વિશેષ મુહૂર્તમાં સ્થાપવાથી અખૂટ લક્ષ્મીનો વાસ થાય છે.

વાસ્તુદોષોમાંથી મુક્તિ મળે છે તથા ધનની દેવી સદા સ્થિર રહે છે. દિવાળીના તહેવારો દરમિયાન ઘર અથવા પ્રતિષ્ઠાનમાં આ પોટલીને રાખવાથી ચિરકાલ ધનની પ્રાપ્તિ થાય છે. દુર્ભાગ્ય દૂર થાય છે તથા ઘરમાં ધન, અન્ન, સોના અને આભૂષણની વૃદ્ધિ થાય છે. પછી તેને આરતી અને હવન કર્યા બાદ તમારી તિજોરી કે ગલ્લામાં- જ્યાં પણ મૂકવા ઈચ્છો ત્યાં મૂકી દો. થોડાક જ દિવસોમાં તમે લક્ષ્મીની સ્થિરતાનો અનુભવ કરવા લાગશો- તેમાં કોઈ સંદેહ નથી.

મૂકવાથી અપાર ધનની વૃદ્ધિ થાય છે.

લક્ષ્મી માતાજીને પ્રિય અન્ય શુભ સામગ્રીઓ.

કુબેર પોટલી કેવી રીતે બનાવવી?

કુબેર પોટલી એક પવિત્ર અને ચમત્કારિક થેલી હોય છે જેને હિંદુ ધર્મમાં ધન, સમૃદ્ધિ અને સૌભાગ્યનું પ્રતીક માનવામાં આવે છે. તેને ધનના દેવતા ભગવાન કુબેર અને માતા લક્ષ્મીની કૃપા પ્રાપ્ત કરવા માટે વિશેષરૂપે તૈયાર કરવામાં આવે છે.

કુબેર પોટલીમાં કઈ સામગ્રી મૂકવામાં આવે છે!

તેને બનાવવા માટે એક લાલ કે પીળા રંગના રેશમી કે સૂતરના કપડા (જેમ કે લાલ વસ્ત્ર)નો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં નિમ્નલિખિત શુભ ચીજો રાખવામાં આવે છે.

આખા ધાણા, પીળા ચોખા (આખા ચોખા), ચાંદીનો સિક્કો, કોડીઓ (11 કે 5 પીળી/ સફેદ કોડીઓ), ગોમતી ચક્ર (11 કે 5 નંગ), સોપારી (ગણેશના સ્વરૂપના રૂપમાં), હળદરની ગાંઠ, કમળગટ્ટાના દાણા વગેરે.

કુબેર પોટલી ઘર કે વ્યાપારમાં ધન અને સમૃદ્ધિ જાળવી રાખવા માટે ધનતેરસ કે દીપાવલિના શુભ મુહૂર્તમાં બનાવવામાં આવે છે. તમે તેને સરળતાથી બનાવી શકો છો. પૂજાસ્થાન પર એક સ્વચ્છ લાલ રંગનું કપડું પાથરવું. તેના ઉપર ઉપરોક્ત સામગ્રી મૂકવી.

બધી સામગ્રીઓ મૂક્યા બાદ માતા લક્ષ્મી અને ભગવાન કુબેરનું ધ્યાન કરવું. કુબેર મંત્ર 'ઓમ હંગ શ્રી કુબેરાય ધનાધિપતયે નમઃ' કે લક્ષ્મી મંત્ર 'ઓમ શ્રીમ હ્રીમ શ્રીમ કમલે કમલાલય પ્રસીદ પ્રસીદ શ્રીમ શ્રીમ્ ઓમ મહાલક્ષ્મી નમઃ' નો 11 કે 21 વાર જપ કરો.

ત્યાર બાદ લાલ નાડાછડી કે લાલ દોરાથી તે કપડાને બાંધીને એક પોટલીનું રૂપ આપવું. આ પોટલીને ધનતેરસ કે દિવાળીની રાતે માતા લક્ષ્મી અને ગણેશજીનાં ચરણોમાં મૂકવી. બીજા દિવસે તેને તમારા ઘરની તિજોરી, વ્યાપારના ગલ્લા કે પૈસા રાખવાના સ્થાન પર મૂકી દો. કુબેર પોટલીને ઘરમાં ઉત્તર દિશા કે ઈશાન ખૂણા (ઉત્તર-પૂર્વ)માં મૂકવી સૌથી શુભ માનવામાં આવે છે.

લક્ષ્મીજીનો મહિનો કારતકમાં લક્ષ્મીજીના આગમનનું સ્વાગત કઈ રીતે કરશો?



જાતે લક્ષ્મીપૂજા કરો અને જાણકાર પંડિત-મહારાજ લક્ષ્મી-કુબેરના મંત્રો બોલીને મા લક્ષ્મીજી, શ્રીહરિ વિષ્ણુજી અને શ્રી કુબેર ભગવાનના દિવ્ય મંત્રો-સ્તોત્રોથી પૂજા અને હવન કરાવે તેમાં ઘણો ફેર હોય છે

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

કારતક મહિનામાં અંધકાર રહેવો ના જોઈએ. આ કારણે કારતક મહિનામાં દીવાના પ્રાગટ્યનું વિશેષ મહત્ત્વ છે. અંધકાર લક્ષ્મીજીની કૃપા મેળવવા માટે અવરોધરૂપ બને છે, એટલા માટે આ દિવસોમાં ઘરોમાં અંધકાર રહેવા દેતા નથી! કારતક મહિનામાં આરોગ્યપ્રાપ્તિ અને તેના રક્ષણ માટે દરરોજ સૂર્યોદય પહેલાં સ્નાન કરવાનું વિશેષ મહત્ત્વ જણાવ્યું છે. સ્નાન કર્યા બાદ વિધિપૂર્વક ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજીની સાધના (પૂજા-ભક્તિ, સ્તોત્ર-મંત્રો) કરવાથી વર્ષભર લક્ષ્મી કૃપા થાય છે. કારતક મહિનામાં દિવાળી પર તમે બધા વિધિવિધાનથી લક્ષ્મીપૂજન તો અવશ્ય જ સંપન્ન કરીએ છીએ પરંતુ એ સિવાય કારતક મહિનામાં દરેક દિવસે લક્ષ્મી સાધના કરવાનું શ્રેષ્ઠ

લક્ષ્મી માતાજી તમારે ઘરે કાયમ પધારે તે માટે તેમનાં આગમન- સ્વાગત માટે શ્રીસૂક્તના પાઠથી 'લક્ષ્મી-હવન' જ કરાય.. પછી તેમની ચમત્કારિક કૃપા જોવા મળશે

કલ્પ છે. આ કલ્પમાં જે પણ વ્યક્તિ સંપૂર્ણ શ્રદ્ધા, ભક્તિની સાથે લક્ષ્મી સાધના સંપન્ન કરે છે તેના ઉપર લક્ષ્મીજી અવશ્ય પોતાની ખૂબ કૃપા વરસાવે છે.

કારતક મહિનો ભગવાન શ્રીહરિ વિષ્ણુની પૂજા માટે સમર્પિત માનવામાં આવે છે. તે વૃંદા એટલે કે તુલસીના હૃદયમાં શાલિગ્રામના રૂપમાં રહે છે. આ દિવસોમાં સવારે અને સાંજે તુલસીજીની સમક્ષ દરરોજ દીવો પ્રગટાવીને તેમની પૂજા કરવી જોઈએ. ભગવાનને ભોગ ધરાવતા સમયે પણ તુલસીનાં પાન અવશ્ય મૂકવાં. આયુર્વેદમાં તુલસીને ઘણા રોગો માટે રામબાણ ઔષધિ તરીકે માનવામાં આવે છે, એટલા માટે તુલસીનો ઉપયોગ કોઈ ને કોઈ રૂપમાં અવશ્ય કરવો જોઈએ.

એમ જોવા જઈએ તો કારતક મહિનો જ એવો એક મહિનો છે- જેમાં એક ડઝનથી પણ વધારે તહેવાર આવે છે... જેમ કે કરવા ચોથ, અહોઈ અષ્ટમી, તુલસી એકાદશી, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, ગોવર્ધન પૂજા, ભાઈ બીજ, નવું (નૂતન) વર્ષ, ડાલા છઠ, અક્ષય નવમી, દેવઊઠી એકાદશી, તુલસીવિવાહ, કારતક પૂનમ વગેરે.

કારતક મહિનો લક્ષ્મી સાધના, આરાધના તેમ જ કૃપાપ્રાપ્તિનો કાળ છે.

કારતક મહિનામાં લક્ષ્મીજી ભૂ-લોક પર વિચરણ કરે છે તથા આ કાળમાં જ પોતાનાં સાધકો, ભક્તોને અભય વરદાન આપે છે. તેથી કારતક મહિનામાં સાધના, પૂજા, લક્ષ્મી હવન-હોમ કરીને પણ લક્ષ્મીજીની કૃપા અવશ્ય પ્રાપ્ત કરી શકાય છે. ઘણી જગ્યાએ શ્રીસૂક્તના પાઠથી લક્ષ્મી હવન કર્યા છે. તેમને દિન-દૂની રાત ચૌગુની જેવું થઈ ગયું છે. એક ફેક્ટરી કે ઓફિસમાંથી ચાર થઈ ગઈ છે. પરંતુ લક્ષ્મી હવન એટલે ફક્ત હવન જ નથી હોતો પરંતુ ઉત્તમ લક્ષ્મીજીને પ્રિય વસ્તુઓ, દ્રવ્યથી પહેલાં લક્ષ્મીમંત્રોથી અદ્ભુત પૂજા થાય છે. ત્યાર બાદ લક્ષ્મીજીનો શ્રીસૂક્તના ઘણા પાઠ કરીને લક્ષ્મીદ્રવ્યથી હવન થાય છે તેથી માતા લક્ષ્મીજીની કૃપા કૃપા થઈ જાય છે. જીવનમાં એક વખત 'શ્રીહરિ વિષ્ણુજી' અને 'શ્રી લક્ષ્મીજી'નો સંપૂર્ણ હવન ઘરે કે ફેક્ટરીમાં સંપન્ન કરાવીને તમે લાભ લઈ શકો છો. રૂપિયા-પૈસા ગમે તે ખાવા-પીવા કે હરવા ફરવામાં ખર્ચી નાંખવાથી લક્ષ્મીજી તમારાથી દૂર ભાગે છે... પરંતુ આવો સદુપયોગ કરવાથી તમે ચિંતામુક્ત-ધનવાન બની જાવ છો.

વેદમાં વર્ણિત શ્રીસૂક્તની ઋચાઓ દ્વારા જ લક્ષ્મીજીનું આહ્વાન કરવામાં આવે છે. ભગવતી લક્ષ્મીની અનુકંપાથી ધન-સંપત્તિની સાથે સાથે પ્રતિષ્ઠા, નિરોગતા, સદ્બુદ્ધિ, સુખ, શાંતિ અને વૈભવની પ્રાપ્તિ પણ થાય છે. આ કારણથી યુગોથી માનવ 'શ્રી'માન બનવાની મનોકામના કરતો રહે છે. પરંતુ સાચો 'શ્રી' માન એ જ છે, જે ધન મેળવ્યા બાદ પણ ધર્મથી વિમુખ ના થઈ જાય એટલે કે અહંકારના વશીભૂતમાં થઈને તમે ખરાબ કર્મો ના કરો. સ્વાર્થી બનવા કરતાં પરમાર્થી બનો.

લક્ષ્મીપ્રિય વસ્તુઓનો ઉપહાર

કારતક-માગશર મહિનો શ્રીહરિ વિષ્ણુ અને માતા લક્ષ્મીજીનો પ્રિય મહિનો છે. આ દરમિયાન જે સાચા અર્થમાં 'આર્થિક' રીતે પીડાતા હોય અને રૂપિયા-પૈસાની કાયમી ખેંચ રહેતી હોય તેણે સાચી શ્રદ્ધાથી લક્ષ્મી હવન કરાવવો જોઈએ. કારતક-માગશર મહિનામાં જો આ પૂજન-હવન કોઈ પણ વ્યક્તિ કરાવે તો આખું વર્ષ લક્ષ્મીજીની કૃપા રહે અને રૂપિયા-પૈસા ટકે તેમ જ લક્ષ્મીજી સ્થિર રહે તેને માટે હવન કરાવનારને 'લક્ષ્મી'-'કુબેર' બંને પોટલીઓ દિવાળીમાં લક્ષ્મીમંત્રોથી સિદ્ધ કરેલી ભેટ આપવામાં આવશે.

જે ઘરમાં શ્રીયંત્ર સ્થાપિત ના હોય તે ઘર-દુકાન દુર્ભાગ્યશાળી હોય છે

શ્રીયંત્રનું નિર્માણ અને તેની પ્રાણપ્રતિષ્ઠા જ શ્રીયંત્રના પ્રભાવશાળી હોવાનો સૌથી મોટો સ્રોત છે. એમ તો આજકાલ બધી જગ્યાએ શ્રીયંત્ર ઉપલબ્ધ હોય છે પરંતુ તેની વિશ્વસનીયતા નથી હોતી! શ્રીયંત્ર નિર્માણ પોતાની રીતે જટિલ પ્રક્રિયા છે અને જ્યાં સુધી સાચા રૂપમાં યંત્ર ઉત્કીર્ણ થતું નથી ત્યાં સુધી તેની સફળતા પણ સંભવ નથી. મંત્રસિદ્ધ પ્રાણ-પ્રતિષ્ઠિત શ્રીયંત્રના સ્થાપનથી સાધક શીઘ્ર લાલા પ્રાપ્તિની સ્થિતિને પ્રાપ્ત કરે છે. શ્રીયંત્ર પછી તાંબાની ધાતુમાં હોય, પછી પારદ નિર્મિત હોય, સ્ફટિકનું હોય... પણ શ્રીયંત્ર હોય તો તેના પ્રાણ-પ્રતિષ્ઠિત હોય તો જ તેનો લાભ પ્રાપ્ત કરી શકાય છે. શ્રીયંત્રનું નિર્માણ સિદ્ધ મુહૂર્તમાં કરવામાં આવે છે. ગુરુપુષ્ય યોગ, રવિપુષ્ય યોગ, નવરાત્રિ, ધનતેરસ, દીપાવલિ, શિવરાત્રિ, અક્ષય તૃતીયા (અખા ત્રીજ) વગેરે શ્રીયંત્ર નિર્માણ અને સ્થાપનનાં શ્રેષ્ઠ મુહૂર્ત છે. પોતના ઘરમાં કોઈ પણ શ્રેષ્ઠ મુહૂર્તમાં શ્રીયંત્રને સ્થાપિત કરી શકાય છે. 'તંત્ર સમુચ્ચય' અનુસાર કોઈ પણ બુધવારે સવારે શ્રીયંત્રને સ્થાપિત કરી શકાય છે. તેની સ્થાપનાનું વિધિવિધાન ઘણું સરળ છે. શાસ્ત્રોમાં તેની સ્થાપનાનું વિધાન આ રીતે છેઃ



એમ તો આજકાલ બધી જગ્યાએ શ્રીયંત્ર ઉપલબ્ધ હોય છે પરંતુ તેની વિશ્વસનીયતા નથી હોતી શાસ્ત્રો અનુસાર મંત્રસિદ્ધ ચૈતન્ય શ્રી યંત્રની દરરોજ પૂજા કરવી આવશ્યક નથી... છતાં તમારો લક્ષ્મીદોષ, વાસ્તુદોષ આપોઆપ દૂર થઇ જાય અને સુખી થઇ જાવ



સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

શાસ્ત્રો અનુસાર મંત્રસિદ્ધ ચૈતન્ય શ્રીયંત્રની દરરોજ પૂજા કરવાની આવશ્યકતા નથી અને ના તો તેને પાણીથી સ્નાન કરાવવાની જરૂર છે... જો શક્ય હોય તો તેના પર ફૂલ, અત્તર વગેરે સમર્પિત કરી શકાય છે અને દરરોજ તેની સામે અગરબત્તી કે દીવો પ્રગટાવવો જોઈએ, પરંતુ તે પણ જરૂરી નથી! જો કોઈ દિવસ શ્રીયંત્રની પૂજા ન પણ થાય તો તેની સામે અગરબત્તી અને દીવો ન પણ પ્રગટાવવામાં આવે તો પણ તેના પ્રભાવમાં કોઈ ઘટાડો થતો નથી! હા. શુભ અવસરો પર શ્રીયંત્રની પૂજાનું વિશેષ મહત્ત્વ છે. આસો માસની નવરાત્રિ, ધનતેરસ, દિવાળી, આંબા નવમી વગેરે શ્રેષ્ઠ દિવસો પર શ્રીયંત્રની પૂજા કરવાથી તે વધારે જાગ્રત થાય છે. ખાસ કરીને આર્થિક ઉન્નતિ તથા ભૌતિક સુખ-સંપત્તિ માટે તો શ્રીયંત્રથી આગળ વધીને કોઈ યંત્ર સંસારમાં છે જ નહીં. વાસ્તવમાં એ ઘર જ દુર્ભાગ્યશાળી હોય! જે ઘરમાં શ્રીયંત્ર સ્થાપિત ન હોય; એમાં કોઈ બેમત નથી કે શ્રીયંત્રમાં આપોઆપ જ કેટલીયે સિદ્ધિઓનો વાસ છે. શ્રીયંત્ર જે ઘરમાં સ્થાપિત કરીને તેની પૂજા કરવામાં આવે છે તો તે ઘરમાં ભૌતિક દૃષ્ટિએ કોઈ પણ પ્રકારનો કષ્ટ અભાવ રહેતો નથી. આર્થિક ઉન્નતિ તથા વ્યાપારિક સફળતા માટે તો શ્રીયંત્ર બેજોડ છે. આ સિવાય ઋણમુક્તિ, રોગમાંથી છુટકારો, આરોગ્ય લાભ, પારિવારિક પ્રસન્નતા અને આર્થિક સફળતા પ્રાપ્તિ માટે આ યંત્ર સર્વશ્રેષ્ઠ મનાવામાં આવે છે. મંત્રસિદ્ધ પ્રાણપ્રતિષ્ઠાયુક્ત પ્રામાણિક શ્રીયંત્રને ઘરમાં સ્થાપિત કરી દેવું જ પર્યાપ્ત છે, કારણ કે માત્ર સ્થાપિત કરવાથી જ તે અસીમ સફળતા આપવામાં મદદરૂપ બની જાય છે!